Shrimad Rajchandra Mission Dharampur

VIACOM 18

# વાયાકોમ ૧૮ 'યુગપુરુષ' સિને પ્લે દ્વારા રાષ્ટ્રીય ટેલિવિઝન પર લાવે છે, મોહનદાસ કરમચંદ ગાંધીની મહાત્મા સુધીની અંતરયાત્રા

## એવોર્ડ વિજેતા નાટક 'યુગપુરુષ'નું ૧૦મી નવેમ્બરે, સવારે ૯ વાગે કલર્સ ટીવી પર સાત ભાષાઓમાં પ્રસારણ

## 'યુગપુરુષ' મહાત્મા ગાંધીજી અને તેમના આધ્યાત્મિક માર્ગદર્શક શ્રીમદ્ રાજચંદ્રજી સાથેના પ્રગાઢ સંબંધો અને તેઓની મોહનદાસથી મહાત્મામાં રૂપાંતરણની વણકહી કથા છે.

૨૦૧૯નું વર્ષ છે, સમગ્ર વિશ્વને સત્ય અને અહિંસાના સિદ્ધાંતો આપનાર અને સત્યાગ્રહ જેવા શસ્ત્રથી આઝાદી આપાવી વિશ્વ ઈતિહાસમાં ભારતનું નામ સુવર્ણ અક્ષરે લખાવનાર આપણા **રાષ્ટ્રપિતા ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતીનું વર્ષ!** તેમના આ સિદ્ધાંતો આજના સમયમાં પણ એટલા જ પ્રસ્તુત છે, અનુકરણીય છે અને જીવનને ઉર્ધ્વગામી બનાવવા સક્ષમ છે!

તેમના આ સિદ્ધાંતોને ઉજવતાં **વાયકોમ ૧૮** રજૂ કરી રહ્યું છે, એવોર્ડ વિજેતા નાટક **'યુગપુરુષ - મહાત્માના મહાત્મા' - ૧૦મી નવેમ્બર, ૨૦૧૯, રવિવારે, સવારે ૯ વાગે કલર્સ, કલર્સ મરાઠી, કલર્સ ગુજરાતી, કલર્સ બાંગ્લા, કલર્સ તામિલ, કલર્સ સુપર, કલર્સ ઓડિયા, કલર્સ ઈન્ફિનીટી અને એમટીવી પર. આ નાટક વૂટ પર ૧૦મી નવેમ્બરે આખો દિવસ જોવા મળશે.**

સત્ય, અહિંસા, ધર્મ, સાદગી, સ્વનિર્ભરતા જેવા અનેક મૂલ્યો, જે ગાંધીજીએ શ્રીમદ્ રાજચંદ્રજી પાસેથી ગ્રહણ કર્યા હતા, તેને પુનર્જીવિત કરવા શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરે તેના સંસ્થાપક **પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશભાઈ**ની પ્રેરણાથી આ ભવ્ય નાટક **'યુગપુરુષ - મહાત્માના મહાત્મા'**નું નિર્માણ કર્યું છે! આ નાટક ટેલિવિઝન પર રજૂ કરવા સિને-પ્લે ફોર્મેટમાં તેના અસલ સંવાદો અને કલાકારો સાથે સાત ભાષાઓમાં ફરીથી બનાવવામાં આવ્યું છે.

પ્રસ્તુત નાટક વિષે વાત કરતાં **વાયાકોમ ૧૮ મિડિયા નેટવર્ક પ્રા.લિ. ના ગ્રુપ સી.ઈ.ઓ. ડૉ. સુધાંશુ વત્સ** કહે છે,

**"એક મિડિયા અને મનોરંજન નેટવર્ક તરીકે અમારું કાર્ય છે, દરેક કથાને તેના દર્શક સુધી લઈ જવી અને દર્શકને તેની કથા સુધી લઈ આવવો. આ કથા દરેક ભારતીય માટે ખાસ જાણવા જેવી છે અને વર્તમાન ભારતીય પેઢીને કહેવી જરૂરી છે. ગાંધીજીએ વિશ્વભરમાં અનેક પેઢીઓને પ્રેરણા આપી છે અને 'યુગપુરુષ' દ્વારા અમે તેમની યુવાન બેરીસ્ટરથી મહાત્મા સુધીની યાત્રાને લોકો સમક્ષ લાવી રહ્યા છીએ."**

**'યુગપુરુષ'** શ્રીમદ્જી અને ગાંધીજીના પ્રગાઢ આધ્યાત્મિક સંબંધની રસમય યશોગાથા દર્શાવતું હૃદયસ્પર્શી નાટક છે. પોતાના આધ્યાત્મિક માર્ગદર્શકની પ્રેરણા હેઠળ થયેલ ગાંધીજીની આંતરિક તેમ જ બાહ્ય વિકાસયાત્રા આમાં અદ્‌ભૂત રીતે દર્શાવાઈ છે. બંન્ને મહાત્માઓને શ્રદ્ધાંજલિરૂપ આ નાટકને પ્રેક્ષકોનો અકલ્પનીય પ્રતિસાદ સાંપડ્યો છે. એક જ વર્ષમાં **૭ ભાષાઓમાં, એક સાથે ૮ ટીમ દ્વારા, વિશ્વભરમાં ૩૧૨ સ્થળોએ ૧૦૬૨ નાટ્યપ્રયોગો** દ્વારા **'યુગપુરુષે'** લાખો પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી રંગભૂમિની દુનિયાનો એક અનોખો ઈતિહાસ સર્જ્યો છે! તેને શ્રેષ્ઠ નાટકનો **'દાદાસાહેબ ફાળકે એક્સલન્સ એવોર્ડ ૨૦૧૭'**, ટ્રાન્સમિડિયા સ્ક્રીન એન્ડ સ્ટેજ એવોર્ડના **'શ્રેષ્ઠ નાટક'**, **'શ્રેષ્ઠ દિગ્દર્શક'** અને **'શ્રેષ્ઠ સહાયક અભિનેતા'** એમ ત્રણ પારિતોષિક, **લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં બે અલગ એન્ટ્રી** પ્રાપ્ત કરી છે. વળી હોલિવુડના **ડોલ્બી થિયેટર** કે જ્યાં ઓસ્કાર એવોર્ડ સમારંભ યોજાય છે, ત્યાં ભજવાયેલ પ્રથમ ભારતીય નાટકનું શ્રેય **'યુગપુરુષ'** ને જાય છે!

**શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના પ્રેસીડન્ટ, શ્રી અભયભાઈ જસાણી** કહે છે કે,

**"વાયાકોમ ૧૮ મિડિયા જેવા અગ્રગણ્ય મનોરંજન નેટવર્ક સાથે જોડાવામાં અમે ગર્વ અનુભવીએ છીએ, જે લોકોના જીવનને સ્પર્શતું મનોરંજન પીરસવામાં માને છે. વાયાકોમ ૧૮ દ્વારા થતી 'યુગપુરુષ' ની રાષ્ટ્રીય રજૂઆત દર્શકો પર જરૂર હકારાત્મક પ્રભાવ પાડશે."**

Shrimad Rajchandra Mission
Dharampur

VIACOM18

શ્રીમદ્ રાજચંદ્રજીની **૧૫૨મી જન્મજયંતી દિન નિમિત્તે, આ રાષ્ટ્રીય પ્રસારણ ૧૦ મી નવેમ્બર, ૨૦૧૯, રવિવારે, સવારે ૯ વાગે કલર્સ, કલર્સ મરાઠી, કલર્સ ગુજરાતી, કલર્સ બાંગ્લા, કલર્સ તામિલ, કલર્સ સુપર, કલર્સ ઓડિયા, કલર્સ ઈન્ફિનીટી, એમટીવી તેમ જ વૂટ પર કરવામાં આવશે.** આ ભવ્ય નાટક દરેક વય, જાતિ કે ભાષાના લોકો માટે અદ્‌ભૂત આનંદનો અવર્ણનીય અનુભવ બની રહેશે!

## About Viacom18

Viacom18 Media Pvt. Ltd. is one of India's fastest growing entertainment networks and a house of iconic brands that offers multi-platform, multi-generational and multicultural brand experiences. A joint venture of TV18, which owns 51%, and Viacom Inc., with a 49% stake, Viacom18 defines entertainment in India by touching the lives of people through its properties on air, online, on ground, in shop and through cinema.

## શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર :

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર એક વિશ્વવ્યાપી અભિયાન છે, જે સાધકોના આધ્યાત્મિક ઉત્થાન તેમજ સમાજકલ્યાણ અર્થે કાર્યરત છે. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, ધરમપુર એ મિશનનું આંતરરાષ્ટ્રીય મુખ્ય મથક છે તથા મિશનના ૧૦૮ સત્સંગ કેન્દ્રો, ૪૪ યૂથ ગ્રુપ્સ અને ૨૫૧ ડિવાઇનટચ કેન્દ્રો છે, જેના દ્વારા બાળકોમાં જીવનમૂલ્યોનું સિંચન તથા તેમના સ્વવિકાસના વિવિધ કાર્યક્રમો થઈ રહ્યા છે. ‘શ્રીમદ્ રાજચંદ્ર લવ એન્ડ કેર’ એ શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરનું એક સામાજિક અભિયાન છે કે મનુષ્યજાતિ, પ્રાણીજગત અને પર્યાવરણને શાતા અને સેવા પહોંચાડવા પ્રયત્નશીલ છે. તેમની પ્રવૃત્તિઓમાં આરોગ્ય સેવા, શૈક્ષણિક સેવા, બાળ સેવા, મહિલા સેવા, આદિવાસી સેવા, સમાજ સેવા, માનવીય સેવા, સંકટસહાય સેવા, પ્રાણી સેવા તથા પર્યાવરણસુરક્ષા સેવા જેવા દસ મુદ્દાના કાર્યક્રમનો સમાવેશ થાય છે.

શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુર ‘પોતાનું સત્ય સ્વરૂપ ઓળખો અને અન્યની નિષ્કામ સેવા કરો’ એ મિશન સ્ટેટમૅન્ટને ચરિતાર્થ કરતા સાર્વભૌમિક ઉત્થાનમાં પોતાનો મહત્વપૂર્ણ ફાળો આપી રહ્યું છે.

વધુ માહિતી માટે જુઓ www.srmd.org/yugpurush-national-premiere

પ્રેસ માટે તથા વધુ માહિતી માટે સંપર્ક - +91 8369467223 / +91 9920304047 / +91 9820042864 or Email: publicrelations@srmd.org